BUSINESS મિત્ર

એલટીસીજી-એસટીટીમાં રાહતની આશાએ શેરબજારમાં ઉછાળો

સેન્સેક્સ 1109 પોઇન્ટ વધ્યો, નિફ્ટી 22700ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે લોંગ ટર્મ કેપિટલ ગેઇન્સ ટેક્સ અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ-એસટીટી પર ચર્ચ કરવાની વાત કરી અને રાહતની આશાએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. જીડીપી ગ્રોથ આઉટલુકમાં સુધારા અને મુલ્ય ખરીદીથી બજાર પહેલાથી જ તેજીમાં હતું, પરંતુ નાણામંત્રીના નિવેદને તેને વધુ ટેકો આપ્યો હતો. આ સપોર્ટના આધારે સેન્સેક્સ 11000 પોઇન્ટ વધ્યો હતો, જ્યારે નિફ્ટી 22700ને પાર નીકળી ગઈ છે.

સેકટર વાઈઝ જોઈએ તો બજારને આઈટી સેકટર તરફથી મજબૂત ટેકો મળ્યો હતો, જેમાં નિફ્ટી 5 ટકાથી વધુ વધ્યો હતો. તેને રિયલ્ટી સેકટર તરફથી પણ મજબૂત ટેકો મળ્યો હતો, જેમાં નિફ્ટી આશરે 2.5 ટકા વધી હતી, જ્યારે નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેકસ 1.5 ટકા વધ્યો હતો. એફએમસીજી, ઓટો અને મેટલ ઈન્ડેક્સ એક ટકાથી વધુ વધ્યા હતા. નિફ્ટી ફાર્મામાં થોડો ઘટાડો સિવાય, અન્ય તમામ સેકટરોમાં પોઝિટિવ વધારો જોવાયો હતો. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. ચાર લાખ કરોડનો વધારો જોવાયો હતો.

બીજી તરફ, કરન્સી બજારમાં રૂપિયામાં સતત ત્રીજા દિવસે સુધારાની ચાલ જોવા મળી હતી. આમ, રૂપિયો વધુ મજબૂત બન્યો છે. જેની પણ શેરબજાર પર પોઝિટિવ અસર જોવા મળી હતી.

નાણાકીય વર્ષ 2027 અને નાણાકીય વર્ષ 2028 માટે ભારત વિકાસ દરનો અંદાજ વધઆરીને 7 ટકા કર્યા છે. જે અગાઉ 6.4 ટકા અને 6.7 ટકાનો અંદાજ હતો, તેને વધાર્યો છે.

બીએસઈ સેન્સેક્સ 1109.10 પોઈન્ટ એટલે કે 1.54 ટકા વધીને 73000 પોઈન્ટની સપાટી કુદાવીને 73033.78 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73045 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 71703 સુધી ઘટ્યો હતો. નિફ્ટી 358.60 પોઈન્ટ એટલે કે 1.60 ટકા વધીને 22700 પોઈન્ટની સપાટી કુદાવીને 22721.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22721 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22288 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 563.05 પોઈન્ટ એટલે કે 1.03 ટકા વધીને 55481.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે પીએફસીમાં 20.7 ગણા, મેક્સ ફાઈ. સર્વિસીસમાં 18.04 ગણા, જીએસપીએલ ટ્રાન્સમીશનમાં 16.8 ગણા, વન સોર્સ સ્પેશ્યાલિટી ફાર્મામાં 6.85 ગણા અને સેફાયર ફુડસમાં 5.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એમએમટીસીમાં 34.22 ગણા, આરબીએલ બેન્કમાં 9.57 ગણા, બિરલા સોફ્ટમાં 6.44 ગણા, એચસીએલ ટેકનોમાં 6.13 ગણા અને બ્રેઈબીસ સોલ્યુશન્સમાં 4.29 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ઉછાળો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.97 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.34 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથમાં મજબૂતાઈ જોવા મળી હતી. બીએસઈ ખાતે 2128 શેરો વધ્યા હતા, જ્યારે 1418 શેરો ઘટ્યા હતા જ્યારે 98 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 377 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલશે. રોકાણકારો કંપનીઓની કમાણી ઉપર ચાલી રહ્યું છે. જ્યારે યુરોપિયન બજારોમાં પોઝિટિવ ચાલ રહ્યો હતો. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં સેમિ કંડકટર ઉદ્યોગમાં ચીની સ્પર્ધામાં તીવ્ર વધારો થવાની ચિંતા વચ્ચે દક્ષિણ કોરિયન ટેકનોલોજી શેરોમાં ઘટાડો જોવાયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.57 ટકા અને ડેક્સ 0.23 ટકા સુધારાની ચાલ જોવા મળી હતી, જ્યારે કેક 0.15 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.85 ટકા, તાઈવાન 1.99 ટકા, કોસ્પી 5.78 ટકા, જકાર્તા 0.18 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.28 ટકા, હેંગસેંગ 0.30 ટકા અને શાંઘાઈ 0.10 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો વધુ 58 પૈસા ઉછળ્યો

કરન્સી બજારમાં આજે સતત ત્રીજા દિવસે રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 51 પૈસા ઉછળીને 95.28ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.79ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.05, પાઉન્ડ 127.04, કેનેડિયન ડોલર 67.09, ઓસ્ટ્રેલિયન ડોલર 66.69, જાપાનીઝ યેન 0.6025 અને સીંગાપોર ડોલર 74.43ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.28 રૂ.
યુરો	107.05 રૂ.
પાઉન્ડ	127.04 રૂ.
યેન	0.6025 રૂ.

સેન્સેક્સ	1109.10	73033.78
નિફ્ટી	358.60	22721.95
બેન્ક નિફ્ટી	563.05	55481.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	8.42	1326.00
ટીસીએસ	6.79	2269.30
શઅરીરામ ફાઇનાન્સ	6.31	988.00
ટેક મહિન્દ્રા	4.93	1543.50
ઇન્ફોસીસ	4.13	1062.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક મહિન્દ્રા બેન્ક	0.99	439.00
ઇટર્નલ	0.79	320.45
મારૂતિ સુઝુકી	0.62	11245.00
મેક્સ હેલ્થકેર	0.57	861.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	8.28	1321.00
ટીસીએસ	6.59	2267.00
ટેક મહિન્દ્રા	4.90	1542.00
ઇન્ફોસીસ	4.44	1062.20
એચયુએલ	2.94	1875.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક મહિન્દ્રા બેન્ક	0.90	439.00
ઇટર્નલ	0.60	321.00
મારૂતિ સુઝુકી	0.60	11254.90

ફ્લેક્સિબલ ઓફિસ બજારમાં ભારત વૈશ્વિક સ્તરે બીજા સ્થાને

આંતરરાષ્ટ્રીય બુકિંગમાં તેનો હિસ્સો વધીને 10.2 ટકા થયો

વર્ષ 2026ના અંત સુધીમાં કુલ સ્પેસ 100 મિલિયન ચોરસ ફૂટ વટાવશે, મલ્ટિનેશનલ કંપનીઓની માગ વધી

મુંબઈ, 13: ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ માર્કેટમાં ભારતે વૈશ્વિક સ્તરે બીજું સ્થાન મેળવ્યું છે, જેમાં 2026ના પ્રથમ છ મહિનામાં આંતરરાષ્ટ્રીય બુકિંગમાં તેનો હિસ્સો વધીને 10.2 ટકા થયો છે. આ વધારો ‘ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ’ (GCCs) અને IT કંપનીઓની ફ્લેક્સિબલ વર્કસ્પેસની ભારે માંગને કારણે આવ્યો છે. આ ક્ષેત્રનો ઝડપથી વિસ્તાર થઈ રહ્યો હોવા છતાં, રોકાણકારોએ સપ્લાય-ડિમાન્ડ વચ્ચેનું અસંતુલન તથા વધતા સંચાલન ખર્ચ જેવા સંભવિત પડકારો પર ધ્યાન આપવું જોઈએ. ભારતે તેના કમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઝડપી પરિવર્તન લાવીને ‘ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ’ (લવચીક ઓફિસ જગ્યાઓ) માટે વિશ્વના બીજા સૌથી સક્રિય બજાર તરીકેનું પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. ઉદ્યોગના તાજેતરના અંદાજો અનુસાર, આંતરરાષ્ટ્રીય કો-વર્કિંગ અને ફ્લેક્સિબલ ઓફિસ બુકિંગમાં ભારતનો હિસ્સો વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં વધીને 10.2 ટકા થયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં 2.2 ટકા હતો. આ વૃદ્ધિ સાથે ભારત યુનાઈટેડ સ્ટેટ્સની બરાબર પછીના સ્થાને છે, જે કંપનીઓ ઓફિસની જરૂરિયાતોને જે રીતે જુએ છે તેમાં નોંધપાત્ર પરિવર્તન સૂચવે છે. વર્ષ 2026ના પ્રથમ છ મહિનાના અંત સુધીમાં, દેશમાં કુલ ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ 88.7 મિલિયન ચોરસ ફૂટ સુધી પહોંચી હતી. આ વિસ્તરણ માત્ર વધુ જગ્યા ઉમેરવા પૂરતું સીમિત નથી, પરંતુ તે વ્યવસાયોના કામકાજની પદ્ધતિમાં આવેલા મૂળભૂત પરિવર્તનને પણ દર્શાવે છે. ‘ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ’ (GCCs)–જે બહુરાષ્ટ્રીય કંપનીઓના ઓફશોર એકમો છે–આ માંગ પાછળનું મુખ્ય ચાલક બળ છે અને કુલ ફ્લેક્સિબલ સીટ લીઝિંગમાં તેમનો હિસ્સો 44 ટકા જેટલો છે. ઉદ્યોગના અંદાજો સૂચવે છે કે આ તેજી જળવાઈ રહેશે; એવી અપેક્ષા છે કે વર્ષ 2026ના અંત સુધીમાં કુલ ‘ફ્લેક્સિબલ ઓફિસ’ સ્પેસ 100 મિલિયન ચોરસ ફૂટનો આંકડો વટાવી જશે અને 2030 સુધીમાં તે 160 મિલિયન ચોરસ ફૂટ સુધી પહોંચી શકે છે.

તહેવારોમાં ઓનલાઇન ખરીદી 10 ટકા ઘટી

મુંબઈ. તા. 13: તહેવારોમાં ગ્રાહકો ઓનલાઈન ખરીદી ઓછી પસંદ કરી રહ્યા છે અને ઓનલાઈન ખરીદીમાં ગયા વર્ષની સરખામણીએ 10 સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. સંશોધન સંસ્થાના અંદાજ મુજબ, ગયા વર્ષના 35 ટકાની સરખામણીએ આ વર્ષે તહેવારોની કુલ ખરીદીમાં મોબાઈલ ફોનનો હિસ્સો 30 ટકા રહેશે. ‘ડેટમ ઈન્ટેલિજન્સ’ના અંદાજ મુજબ, ભારતમાં 7 થી 10 ઓક્ટોબર દરમિયાન ઓનલાઈન ફેસ્ટિવ સેલ રૂ. 29,800-30,900 વચ્ચે રહેવા અનુમાન છે, જે ગયા વર્ષના સમાન ચાર દિવસના ગાળાની સરખામણીમાં વેચાણમાં 7-10 ટકાનો ઘટાડો કરોડ સુધી પહોંચ્યું હતું. સ્માર્ટફોનમાં કિંમતો પરના વધતા દબાણ અને મેમરી ચિપની અછતને કારણે સ્માર્ટફોન બ્રાન્ડ્સે તેમના ઉપકરણોની કિંમતોમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

આરબીઆઈનાં પગલાંથી રૂપિયામાં સતત ત્રીજા દિવસે મજબૂતાઈ

છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં દોઢ રૂપિયા મજબૂત થયો

નવી દિલ્હી, તા. 13: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સતત ત્રીજા દિવસે મજબૂતાઈ જોવા મળી હતી. જેમાં આજે વધુ 51 પૈસા મજબૂત થયા હતા. છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં રૂપિયામાં દોઢ રૂપિયાનો ઉછાળો આવ્યો છે. સ્પોટ ડોલરની માગ ઘટાડવા અને વિદેશી વિનિમય બજારમાં વધારાની સ્થિતિને રોકવાના હેતુથી આરબીઆઈના પગલાં દ્વારા રૂપિયાના મુલ્યમાં વધારો થયો છે.

ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે, ચોક્કસ બેન્કો દ્વારા ઓઈલ માર્કેટીંગ કંપનીઓ માટે અલગ ડોલર સુવિધા અને કેટલાક વિદેશી વિનિમય હેજિંગ વ્યવહારોના ખ4ચમાં વધારો જેવા પગલાંથી હાજર હજારમાં ડોલરની માગમાં ઘટાડો થવાની અને રૂપિયા સામે સટ્ટાકીય સ્થિતિને કાબુમાં લેવાની અપેક્ષા છે. છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં રૂપિયો 150 પૈસા વધીને 95.28ના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં રૂપિયો ઉછળીને 95ની નીચે 94.96 સુધી મજબૂત થયો હતો. આ દરમ્યાન નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ વર્ષમાં રૂપિયામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને આરબીઆઈ સ્થાનિક ચલણમાં અતિશય વધઘટ અટકાવવા માટે તેના પ્રયાસો ચાલુ રાખશે. રૂપિયામાં વધઘટ મુખ્યત્વે બાહ્ય પડકારોને કારણે છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૨૬૦
તેજાબી સોનું	૧૫૨૧૭૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૬૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૨૧૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૨૬૦૦
ચાંદી (૯૯૯)	૨૨૪૮૦૦
ચાંદી સિક્કા	૨૨૬૩૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
ક્પાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
ક્પાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
ક્પાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ’’	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

ઈરાનનું ઉદાહરણ દર્શાવે છે કે સ્ટારલિંક રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી છે

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓમાંના એક એલોન મસ્કની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા સ્ટારલિંક ભારતમાં પ્રવેશવા થનગની રહી છે પણ આપણી સરકાર તરફથી તેને લાલ ઝંડી દેખાડવામાં આવી રહી છે. ભારતમાં સ્ટારલિંકે સુરક્ષા અંગે એક નવી ચર્ચા જગાવી છે. આ સમગ્ર પરિસ્થિતિને સમજવા માટે હવે ઈરાનનું ઉદાહરણ આપવામાં આવી રહ્યું છે. અમેરિકાના હુમલા પહેલાં ઈરાનમાં થયેલાં વિરોધ પ્રદર્શનો અને ઇન્ટરનેટ બંધ દરમિયાન સ્ટારલિંક સેવાએ લોકોને ઓનલાઈન રહેવાનો વિકલ્પ પૂરો પાડ્યો હતો. જ્યારે આનાથી માહિતીની પ્રાપ્તિ કરાવવામાં મદદ મળી, ત્યારે તેણે એ પ્રશ્ન પણ ઉઠાવ્યો કે જો કોઈ ખાનગી કંપની કોઈ દેશની સંચાર પ્રણાલીને નિયંત્રિત કરે તો રાષ્ટ્રીય સુરક્ષા અને સાર્વભૌમત્વ માટે કયા પડકારો ઊભા થઈ શકે છે? આ મુદ્દો હાલમાં મહત્ત્વપૂર્ણ છે, કારણ કે એલોન મસ્કે ભારતમાં સ્ટારલિંકના લોન્ચિંગ પર ચર્ચા જગાવી છે. ઈરાનના નાયબ સંચાર મંત્રી મોહમ્મદ હાફિઝ હકામીએ ચેતવણી આપી છે કે સ્ટારલિંક કોઈ પણ દેશના ઇન્ટરનેટ પર સરકારી નિયંત્રણ માટે ગંભીર પડકાર ઊભો કરી શકે છે. જો સ્ટારલિંક સરકારની નિયંત્રણ પ્રણાલીને નબળી પાડશે તો સંચાર મંત્રાલય તેની ઉપયોગિતા ગુમાવી શકે છે.

સ્ટારલિંકની અનોખી ખાસિયત એ છે કે તે પરંપરાગત ગ્રાઉન્ડ-બેઝ્ડ ઇન્ટરનેટ નેટવર્ક પર આધાર રાખતું નથી. તેના બદલે તે અવકાશમાં ઉપગ્રહો દ્વારા ઇન્ટરનેટ પૂરું પાડે છે. તેથી જ્યારે સરકારો સ્થાનિક ઇન્ટરનેટ સેવાઓ બંધ કરે છે ત્યારે પણ સ્ટારલિંક સક્રિય રહે છે. આનાથી ઈરાનમાં સરકારવિરોધી વિરોધ પ્રદર્શનો દરમિયાન તેનો ઉપયોગ પડકારજનક બન્યો હતો. જો કે, રાઉટર અને ટેકનિકલ પરિસ્થિતિઓ તેમજ સ્થાનિક પ્રતિબંધો તેમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈરાનમાં સ્ટારલિંકને સક્રિય કરવાના એલોન મસ્કના પ્રયાસો બે અમેરિકન રાષ્ટ્રપતિઓના કાર્યકાળ દરમિયાન થયા હતા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ તત્કાલીન યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને જાહેરાત કરી હતી કે અમેરિકા ઈરાની લોકોની ડિજિટલ કોમ્યુનિકેશનની એક્સેસને વિસ્તૃત કરવા માટે સામાન્ય લાઇસન્સ જારી કરી રહ્યું છે. મહસા અમીનીના કસ્ટોડિયલ મૃત્યુ બાદ ઈરાનમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો વચ્ચે આ પગલું લેવામાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શનો મહિલા અધિકારો અને સરકારી કાર્યવાહી પર ગુસ્સો દર્શાવતા હતા. બીજા દિવસે એલોન મસ્કે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્ટારલિંકને સક્રિય કરવાનો સંકેત આપતાં લખ્યું કે સ્ટારલિંક સક્રિય થઈ રહી છે. વધુમાં, જૂન ૨૦૨૫ માં એલોન મસ્કે ઈરાનમાં ઇન્ટરનેટ પરના પ્રતિબંધો દરમિયાન સ્ટારલિંક સેવાની ઉપલબ્ધતાનો સંકેત આપ્યો હતો. તે સમયે પણ ઈરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધ દરમિયાન ઇન્ટરનેટ પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. બંને ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ખાનગી ટેકનોલોજી કંપનીઓના નિર્ણયો કટોકટીના સમયે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને દેશના સંદેશાવ્યવહારને પ્રભાવિત કરી શકે છે.

ભારતીય નીતિ સંશોધન સંસ્થા, તક્ષશિલા સંસ્થા દ્વારા પ્રકાશિત “સ્ટારલિંક અને ભારત માટે જોખમો’નામના અહેવાલમાં આ મુદ્દા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે સ્ટારલિંકની તકનીકી ક્ષમતાઓ અને એલોન મસ્કના અમેરિકન સરકાર સાથેના વ્યાવસાયિક સંબંધો અન્ય દેશો માટે જોખમો ઊભાં કરી શકે છે. સ્ટારલિંકની પેરેન્ટ કંપની સ્પેસએક્સ અમેરિકન સરકાર અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત અવકાશ કાર્યક્રમો સાથે કરાર હેઠળ કામ કરે છે. આ સંબંધો અમેરિકન સરકારને કંપનીને પ્રભાવિત કરવા માટે થોડો લાભ આપી શકે છે. અહેવાલમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે સ્ટારલિંક કંપની પર કોઈ ચોક્કસ દેશમાં સેવા જાળવવા, તેને બંધ કરવા અથવા વપરાશકર્તાનો ડેટા શેર કરવા માટે દબાણ કરવામાં આવી શકે છે. આ જોખમોને કારણે જ ચીન અને રશિયાએ પહેલાથી જ સ્ટારલિંકને બાકાત રાખી છે.

તક્ષશિલા સંસ્થાના અહેવાલ મુજબ, ૨૦૨૬ ની શરૂઆતમાં સ્ટારલિંકના આશરે ૫૦,૦૦૦ ટર્મિનલ ઈરાનમાં દાણચોરી કરીને લાવવામાં આવ્યા હતા અને તેનો ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો હતો. જાન્યુઆરીમાં વિરોધ પ્રદર્શનોની ચરમસીમા દરમિયાન જ્યારે પરંપરાગત ઇન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી, ત્યારે સરકારના વિરોધીઓ માટે સ્ટારલિંક બહારની દુનિયા સાથે સંપર્ક જાળવવાનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બની ગયું હતું. ઇરાન સરકારની વારંવારની સૂચના છતાં સ્ટારલિંકે પોતાની સેવા ચાલુ રાખી હતી. તેના જવાબમાં ઈરાની અધિકારીઓએ GPS સિગ્નલોને વિક્ષેપિત કરવા અને રેડિયો ફ્રીક્વન્સીમાં દખલ કરવા જેવાં પગલાં લીધાં હતાં. આ પગલાંથી કેટલાક વિસ્તારોમાં સ્ટારલિંક સેવાને અસ્થાયી રૂપે અસર થઈ હોવાના અહેવાલ છે. અધિકારીઓએ લાંબા અંતરના જામરનો ઉપયોગ, છતના ટર્મિનલ ઓળખવા માટે ડ્રોનનો ઉપયોગ અને સાધનો જપ્ત કરવા માટે દરોડા પાડવા જેવાં પગલાં પણ લીધાં. ઈરાને આ મુદ્દો ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન સમક્ષ પણ ઉઠાવ્યો અને આરોપ લગાવ્યો કે તેની પરવાનગી વિના સ્ટારલિંકનું સંચાલન તેના સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે.

ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ માટે નિયમો છે, પરંતુ તક્ષશિલા રિપોર્ટ નોંધે છે કે આ નિયમોના અમલીકરણમાં કેટલાક વ્યવહારુ પડકારો પણ છે. એક મુખ્ય મુદ્દો જીઓફેન્સિંગ છે, જેનો અર્થ એ છે કે ઉપકરણને તેના ભૌગોલિક સ્થાનના આધારે નેટવર્કનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી અથવા અવરોધિત કરવી. આનું એક સંવેદનશીલ ઉદાહરણ મણિપુરમાં એક આતંકવાદી જૂથ પાસેથી સ્ટારલિંકનાં સાધનો જપ્ત થવાં અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સ્ટારલિંક સાધનોની દાણચોરી છે. આ ઘટનાઓએ વિદેશી કંપનીઓ દ્વારા નિયંત્રિત નેટવર્ક્સ પર રાષ્ટ્રીય નિયમો કેટલી હદ સુધી લાગુ કરી શકાય તે અંગેની ચર્ચાને વેગ આપ્યો છે. તેમાં કોઈ શંકા નથી કે સ્ટારલિંક દૂરના વિસ્તારોમાં ઇન્ટરનેટ પૂરું પાડવા અને કટોકટી દરમિયાન સંદેશાવ્યવહાર જાળવવામાં ઉપયોગી થઈ શકે છે, પરંતુ તેની કામગીરી ખાનગી કંપની દ્વારા નિયંત્રણ, રાષ્ટ્રીય સુરક્ષા, ડેટાની ઉપલબ્ધતા અને સરકારી નિયમન સંબંધિત પડકારો પણ ઊભા કરે છે.

૨૦૧૯માં ચીનની ટેલિકોમ જાયન્ટ હુઆવેઇ વૈશ્વિક સ્તરે મોબાઇલ નેટવર્કથી લઈને 5G ટેકનોલોજી સુધી દરેક પાસાંમાં પ્રભુત્વ મેળવી રહી હતી. તે સમયે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ ચિંતાતુર હતા. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને ડર હતો કે જો હુઆવેઇનાં ઉપકરણો અમેરિકાના કોમ્યુનિકેશન નેટવર્કમાં સ્થાપિત કરવામાં આવશે, તો ચીની સરકાર અમેરિકનોની જાસૂસી કરશે અને તેમની સંવેદનશીલ માહિતી સીધી બેઇજિંગ સુધી પહોંચાડવામાં આવશે. યુએસ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) એ આ કંપનીને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો પણ જાહેર કર્યો. તેમની પાસેથી સાધનોની ખરીદી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. જે રીતે અમેરિકન સરકાર હુઆવેઈથી ડરી ગઈ હતી તેમ ભારત સરકાર સ્ટારલિંકથી ડરી રહી છે.

ભારત સરકાર સ્ટારલિંકને મંજૂરી આપતાં પહેલાં રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત અનેક પ્રશ્નોના જવાબો ઇચ્છે છે. તે પ્રશ્નો ફક્ત ઇન્ટરનેટ સેવા શરૂ કરવા અથવા કોઈ કંપનીને બજારમાં પ્રવેશવાની મંજૂરી આપવા વિશે નથી. સરકાર જાણવા માંગે છે કે જો સંવેદનશીલ વિસ્તારમાં ઇન્ટરનેટ બંધ કરવાનો આદેશ આપવામાં આવે તો સ્ટારલિંકની સેવા પણ બ્લોક કરવામાં આવશે કે નહીં. સરકારી પરવાનગી વિના સ્ટારલિંકના ટર્મિનલનો ઉપયોગ કરનાર કોઈ પણ વ્યક્તિ કેવી રીતે ઓળખાશે? જો જરૂરી હોય તો સુરક્ષા એજન્સીઓ ટેલિકોમ્યુનિકેશન પર કેવી રીતે નજર રાખી શકશે? સરકારનું કહેવું છે કે ભારતમાં કાર્યરત બધી સેટેલાઇટ ઇન્ટરનેટ કંપનીઓએ સમાન નિયમોનું પાલન કરવું જોઈએ. કોઈ પણ કંપનીને ખાસ લાભ આપવા અથવા પ્રતિબંધિત કરવાની કોઈ સરકારી નીતિ નથી. સ્ટારલિંકના ભારતમાં પ્રવેશને લઈને વિવાદ ત્યારે વધ્યો જ્યારે એલોન મસ્કે આરોપ લગાવ્યો કે શક્તિશાળી વ્યાપારી હિતો તેમની સેવાને ભારતમાં પ્રવેશતાં અટકાવી રહ્યા છે. સરકારે આ ભેદભાવના દાવાઓને પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભારતીય નીતિ સંશોધન સંસ્થા તક્ષશિલા સંસ્થા દ્વારા પ્રકાશિત “સ્ટારલિંક અને ભારત માટે જોખમો’નામના અહેવાલમાં આ મુદ્દા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે

ટુંકી મુદતની જાહેર નિવિદા - ૨
વર્ષ :- ૨૦૨૬ -૨૭

ગુજરાત રાજયનાં રાજયપાલ વતી તાલુકા વિકાસ અધિકારીશ્રી જલાલપોર જિ.નવસારી તરફથી બાંધકામને લગતા જિલ્લા આયોજન મંડળના કામો, સંસદસભ્ય ફંડ, એ.ટી.વી.ટી. યોજના, જિ.પં.સ્વભંડોળ, તા.પં.સભ્ય ફંડ (સ્ટેમ્પ ડયુટી), ટ્રાયબલ સબ પ્લાન, ૧૫ મું નાણાપંચ યોજના સદર હેઠળ મંજુર થયેલ કામો કરાવવા માગે છે. તો રસ ધરાવતી ગ્રામ પંચાયત (નિયમ મુજબ સક્ષમતા અને સધ્ધરતા જરૂરી) અને ગુજરાત રાજય જાહેર બાંધકામ ખાતામાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ સ્થાનિક સહકારી મંડળીઓ / સરકાર માન્ય કોન્ટ્રાકટર તરફથી કામોના ભાવ મંગાવવામાં આવે છે. જાહેર નિવિદા પ્રસિધ્ધ થયથી પ્રથમ દિન પાંચ દિવસ ગ્રામ પંચાયત ત્યારબાદ દસ દિવસ સહકારી મંડળી તથા સરકાર માન્ય ઠેકેદારો તરફથી તા.૨૮/૧૦/૨૦૨૬ સુધીમાં માંગણી કરવાની રહેશે. (જરૂરી ડોક્યુમેન્ટ રજુ કરવાના રહેશે.) ત્યાર બાદ ભરેલા ભાવો રજી.પોસ્ટ એડી. થી તા.૦૨/૧૧/૨૦૨૬ સુધીમાં પરત કરવાના રહેશે.

કામોની વિગતવાર યાદી અને શરતો તાલુકા પંચાયત કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા બાંધકામ શાખામાં કચેરી સમય દરમ્યાન જોવા મળશે. કોઈ પણ કારણ દર્શાવ્યા વગર ઉપરોક્ત સદરહું ટેન્ડર રદ બાતાલ કરવાની અબાધિત સત્તા અત્રેની કચેરીની રહેશે જેમાં કોઈ પણ પ્રકારના તકરાર કે વાદવિવાદ થઈ શકશે નહિ.

તાલુકા વિકાસ અધિકારી
જલાલપોર

માહિતી/નવસારી/૩૬૬/૨૦૨૬

APPLE CINEMA
ફ્રૂટી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat

સુપરહીટ ફિલ્મ
દ્રશ્યમ- 3
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૨૦, રાત્રે: ૮.૨૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦

ગુજરાતી હીટ ફિલ્મ
મિત્રતા
૧૨.૧૦.૨.૧૫, ૪.૩૦, રાત્રે : ૮.૧૫, ૯.૦૦
DORAEMON THE MOVE: CASTLE OF THE UNDER SEA DEVIL
(હિન્દી) ૧૦.૦૦, ૨.૩૫, ૭.૦૫

સુપરહીટ ફિલ્મ
હનુમાન અંશ
૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૩૦, ૪.૨૦, ૬.૪૫, રાત્રે : ૯.૩૦
ધ વ્વાન
૯.૧૦, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૦૦ રાત્રે : ૯.૩૦
ચટણી
(ગુજરાતી) - ૯.૧૦, ૫.૧૫

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
સુપરડુપર હીટ બમ્પર ફિલ્મ
દ્રશ્યમ- 3
અજય દેવગન, તબ્બુ, જયદીપ
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...
દ્રશ્યમ - 3
અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
રહસ્ય, રોમાંન્ચક, હોરર
ધ વ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

સુરત મહાનગરપાલિકા
નવો પૂર્વ (સરથાણા) ઝોન
જાહેરનામુ

આથી હું રાજકુમાર બેનીવાલ, (આઈ.એ.એસ.) કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત, સને ૧૯૪૯ ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાની કલમ ૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નવા પૂર્વ (સરથાણા) ઝોનમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) માં આવેલ અતુલ્ય રેસીડેન્સીથી પાસોદરા ગામ તરફ જતા ટી.પી. રોડ પર સ્ટોર્મ નેટવર્ક લેઈંગની કામગીરી કરવા માટે અતુલ્ય રેસીડેન્સીથી પાસોદરા તરફ જતા ટી.પી. રસ્તાને તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા.૦૬/૧૧/૨૦૨૬ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તથા રાહદારીઓ માટે રસ્તા અવર-જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે. સદર રસ્તા પર થનાર કામગીરી દરમ્યાન અતુલ્ય રેસીડેન્સી થી પાસોદરા ગામ તરફ જતા વાહન-વ્યવહાર અતુલ્ય રેસીડેન્સી થી રામવાડી થઈ કઠોદરા ગામ તરફના રસ્તા પર DFCC થી ડાબી તરફ વળાંક લઈ આશરે ૪૪૦.૦૦ મીટર બાદ જમણી તરફ વળાંક લઈ પાસોદરા ગામ તરફ ડાયવર્ટ કરી શકાય તેમ છે તથા પાસોદરા ગામથી વાય જંકશન તરફ આવવા માટે સદર રસ્તો એટલે કે પાસોદરા ગામ રોડથી DFCC થી ડાબી તરફ વળાંક લઈ ૪૪૦.૦૦ મીટર બાદ જમણી તરફ વળાંક લઈ કઠોદરા ગામ રોડથી વાય જંકશન તરફ આવી શકાય તેમ છે. સદર કામગીરી પૂર્ણ થયેથી પ્રતિબંધિત માર્ગ રાહદારીઓ તથા વાહન વ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરવામાં આવશે.

(સહી)
કમિશનર
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ/૨૮૨/૨૦૨૬-૨૭
તા. ૧૩/૧૦/૨૦૨૬

DGVCL

Dakshin Gujarat Vij Company Limited

CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited from registered contractors for (1) ARC work for FRP fencing under all Schemes for the year 2025–2026 under the jurisdiction of Kadodara-2 Sub-Division. (2) Work of raising transformer plinths as per norms under the SI Scheme under Kadodara Industrial Sub-Division. (3) Work of chemical earthing of transformers as per norms under the SI Scheme under Kadodara Industrial Sub-Division. (4) Work of pole numbering and consumer stickering as per norms under the SI Scheme under Kadodara Industrial Sub-Division. (5) Supply, laying, testing and commissioning of 11/22 kV underground XLPE cables (XLPE cables to be supplied by DGVCL) with cable end termination and straight-through joints kits (to be supplied by the contractor) under the ND Scheme (Feeder Bifurcation Work) for the year 2026–2027 in Kadodara-1, Kadodara-2, Sevani and Palsana Sub-Divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com and https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

જાહેર નિવિદા

સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ નિઝર જિ. તાપી ખાતેનાં પરિસર માં આવેલ નડતર રૂપ ઉભા જલાઉ ઝાડ કુલ નંગ -૧૯ છે. જે સરકારશ્રીનાં જાહેર હરાજીનાં નિયમોનુસાર કાપવાનાં થાય છે. જે જાહેર હરાજીથી વેચવા માટે તા.૨૨/૧૦/૨૦૨૬નાં રોજ સમય સવારે ૧૦.૩૦ કલાકે જાહેર હરાજી કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા સારૂ રૂ.૧૫૦૦/- અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરાનો અધ્યક્ષશ્રી આર.કે.એસ. અધર ફંડ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ નિઝર’ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ/રોકડ અત્રેની કચેરીમાં હરાજીની તારીખ નાં એક દિવસ પહેલા તા.૨૧/૧૦/૨૦૨૬ સુધી જમા કરાવી ટોકન તથા હરાજીની શર્તો મેળવી લેવાની રહેશે. જે પાર્ટીએ નિયત સમય પહેલા ડિમાન્ડ ડ્રાફ્ટ/રોકડ જમા કરાવેલ હશે. તેને જ હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે. વેચાણ લેનાર પાર્ટીએ ૧૦૦% રકમ સ્થળ ઉપર જ જમા કરાવવાની રહેશે. હરાજીનાં માટેનાં છેવટનાં નિર્ણય અધીક્ષકશ્રી સરકારી હોસ્પિટલ નિઝર જિ.તાપીનાં રહેશે.

સરનામું
સરકારી હોસ્પિટલ નિઝર
તા.નિઝર. જિ. તાપી-૩૯૪૩૭૦

અધિક્ષકશ્રી
સરકારી હોસ્પિટલ નિઝર
તા.નિઝર. જિ. તાપી

ક્રમાંક. માહિતી-સુરત/૭૩૮/૨૦૨૬